# ઉત્થાન

॥ तमसो मा ज्योतिर्गमय ॥

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૨ | જૂન-જુલાઈ-૨૦૦૯ (માસિક અંક) ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૧/- ✲ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૧૪



✲ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **સહ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

✲ **સહ માનદ તંત્રીશ્રી :**

ડૉ. જી. સી. કાછીઆ (નિવૃત અધ્યાપકશ્રી)
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી.જોષી

✲ **વિદ્યાર્થી સંપાદકો :**

ફરહાનબાનુ દિવાન
પ્રતિક્ષા પ્રજાપતિ
મૌલિક પટેલ
પરમાર લક્ષ્મીબેન
શાવલિયા શૈલેષ
બારોટ ભૂમિકા
પટેલ ધ્રુવિબેન



✲ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

**Website :**
www.petladcollege.com


**તંત્રીશ્રીની કલમે....**

## સમયનો સદુપયોગ

સમયએ શ્રેષ્ઠ ધન છે. અંગ્રેજીમાં પણ કહેવામાં આવ્યું છે કે, ' Time is Money' સમયના સદુપયોગથી જ માનવીનું ભાવિ ઉજ્જવળ બની શકે છે. સમયનો ઉચિત ઉપયોગ કરવાથી જ મનુષ્ય પોતાના જીવનમાં ઈચ્છિત ધ્યેયને સિધ્ધિ કરી શકે છે. માનવસંસ્કૃતિનો સર્વાંગી વિકાસ એ સમયના શ્રેષ્ઠ ઉપયોગનું જ પરિણામ છે.

આજ કાલ સૌને મોઢે આપણે એક જ ફરિયાદ સાંભળીએ છીએ કે, 'સમય નથી'. નોકરી-ધંધાવાળા કે ઉદ્યોગ-ખેતી-વ્યવસાયવાળા સૌને આજે સમયની સતત ખેંચ વર્તતી હોય છે. એક તરફ આ સ્થિતિ છે, તો બીજી તરફ આપણે લોકો મોજશોખમાં સમય વેડફી નાખીએ છીએ. સમયના અભાવની સામે સમયનો દુર્વ્યય જોતાં લાગે છે કે આપણે સમયની કિંમત પૂરી સમજ્યા નથી. સમય અમૂલ્ય છે એમ સૌ કહે છે ખરા!. આ પોપટ વાક્ય વર્ષોથી ગોખાય છે પણ ખરું ક્યારેક એના સમર્થનમાં નીચેની પંક્તિઓ પણ ટાંકી લઈએ છીએ.

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

એક વખત વીતેલો સમય પાછો નથી આવતો એ જાણવા છતાં લોકો ઉઘાડી આંખે કલાકોના કલાકો વાતોના તડાકામાં, ગીત સંગીત કે ફિલ્મના મનોરંજન માટે, ટી.વી.કે. રમતગમત પાછળ સમય વ્યતીત કરતા રહે છે.સમયનું મૂલ્ય સમજ્યાં વિના કે સમયનો સદુપયોગ કર્યા વિના સમયની મહત્તા ગાયા કરવી નિરર્થક છે. જેમ બોલેલા શબ્દો કે છોડેલુ બાણ કદી પાછાં આવતાં નથી, તેમ વીતી ગયેલો સમય પણ પાછો આવતો નથી. ' Time and tide wait for none ' સમય અને ભરતી કોઈની રાહ જોતાં નથી એ કહેવતની યર્થાથતા પારખીને આપણે જીવનની ક્ષણેક્ષણનો સદુઉપયોગ કરવો જોઈએ.એક વિચારક સમય વિશે ટકોર કરતા હળવી પળોમાં પણ સાચું કહ્યું છે કે સમયના માથે આગળના ભાગમાં વાળ છે, પાછળ ટાલ છે. કેવું સૂચક વિધાન છે ! આવતા સમયને ઓળખી શકે અને સભાનપણે તેને પકડી શકે તો સમય તેના હાથમાં આવે છે. પરંતુ ગાફેલ રહેનારને અનુભવ છે કે નજીક આવીને પસાર થઈ ગયેલો સમય પકડી શકાતો નથી, હાથમાં નથી આવતો. કારણકે, સમયને પાછળ ટાલ છે. એટલે સરકી જાય છે. માટે જ સમયની કિંમત સમજતા માણસે દરેક ક્ષણ અને આવનાર તક માટે અત્યંત જાગૃત રહેવું જોઈએ.

માનવજીવન ક્ષણભંગુર છે. પોતાના ટૂંકા આયુષ્ય દરમ્યાન માનવીએ અનેક મહત્ત્વનાં કાર્યો કરવાનાં હોય છે. અનેક મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરવાની હોય છે. આથી તેને સમય વ્યર્થ ગુમાવવો પાલવે તેમ નથી. કોઈ સુવિચાર કે સત્કર્મ કરવાનું સુઝે તો તત્કાલએ અમલમાં મૂકવો જોઈએ. સંત કબીર એટલે જ કહે છે, 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ'. સંસ્કૃતમાં કહ્યું છે : 'शुभस्य शीघ्रम्' એટલે કે 'ધરમના કામમાં ઢીલ શી ? ' કોઈ કામ લંબાવતાં એમાં અનેક અંતરાયો આવી જાય છે.

"આજ ઊઠશું, કાલ ઊઠશું, લંબાવો નહીં દાહડા,
વિચાર કરતાં વિઘ્નો મોટાં, આવે વચમાં આડા."

અંગ્રેજીમાં પણ કહેવાયું છે કે, 'Delay is dangerovs' સમય એક એવું અદશ્ય પરિણામ છે જે દેખી શકાતું નથી, ઓળખી શકાતુ નથી.એની કિંમત પાછળથી જ સમજાય છે.

એટલે પ્રત્યેક વર્તમાન પળને ઓળખતાં, સમજતાં અને ઉપયોગમાં લેતા શીખવું જોઈએ. સમયનો વિવેકપૂર્ણ ઉપયોગજ માનવીને સમૃધ્ધ અને મહાન બનાવે છે. તમારી આસપાસ નજર કરો. શું દેખાય છે ? પેલી કીડી ખોરાકનો એક એક કણ એકઠો કરવા માટે સતત કાર્યશીલ રહે છે. ચકલી આખો દિવસ ઊડાઊડ કરતી રહે છે. એકએક સળી ભેગી કરીને તે જોતજોતામાં પોતાનો માળો બાંધી લે છે. સમજદાર માનવીએ પણ સમયનો બગાડ તો ન કરવો જોઈએ. જગતના બધા મહાપુરૂષોનાં જીવન અથાગ પરિશ્રમની ગાથાઓ છે. માનવીએ આજ સુધીમાં વિજ્ઞાન, કલા અને અન્ય ક્ષેત્રોમાં જે જે સિધ્ધિઓ હાંસલ કરી છે તે સમયના ઉત્તમ ઉપયોગના પુરાવારૂપ છે. જે મનુષ્ય નિષ્ક્રિય બનીને બેસી રહે છે. તેને વિકાસની તકો હાથતાળી દઈ ચાલી જાય છે. અનેક આપત્તિઓ વેઠવી પડે છે. હાથમાંથી સરી ગયેલા સમયને માટે કવિ પ્રિયકાન્ત મણિયારે યોગ્ય જ લખ્યું છે.

''હવે આ હાથ રહેના હેમ
મળ્યું સમયનું સોનું, પરથમ વાલ્યું હાવે તેમ,
હવે આ હાથ રહેના હેમ
ભર બપોરે ભોજન પેને નિતની એ રાતોમાં
ઘણું ખરું એ એમ ગયુંને કશુકેંક વાતોમાં
પડયું પ્રમાદે કથીર થયું તે જાગ્યો નહીં વ્હેમ.
હવે આ હાથ રહેના હેમ.''

આ કાવ્યની અર્થસભર પંક્તિઓના મર્મને સમજીશું તો આપણેને સૌને સમયનું મૂલ્ય અવશ્ય સમજાશે. એથી વિશેષ શું... ?

## પ્રાર્થનાનું મહત્વ

મારું માનવું છે કે પ્રાર્થના કરવાથી ખૂબ ફાયદા થાય છે. મન નિર્મળ અને સ્થિર થાય છે. આત્મવિશ્વાસ વધે છે. સંકલ્પશક્તિ મજબૂત બને છે. નમ્રતાં, વિશાળતાં, નિર્ભયતાં જેવાં ગુણોનો વિકાસ થાય છે. શરીર અને મન તંદુરસ્ત રહે છે. આ બધુ જાણીને તમે પણ નિયમિત પ્રાર્થના કરતાં હશો ને ? દરરોજ વહેલી સવારે સૂર્યોદય પહેલાં જાગી જતાં હશો. ટટ્ટાર બેસી, આંખો બંધ રાખી, શાંત મને એકાગ્રચિત્તે પરમપિતા પ્રભુનાં ગુણગાન ગાવામાં તલ્લીન થતાં હશો. પ્રભું સાથે વાર્તાલાપ કરતાં હશો. પ્રભુએ તમને જે-જે આપ્યું છે. તે માટે તેને આભાર માનતાં હશો. ખરેખર સાચા દિલથી ભક્તિભાવપૂર્વક કરેલી પ્રાર્થનાનું સારું ફળ મળે છે. તમે નિયમિત રીતે વહેલી સવારે ના કરતાં હો તો હવે શરૂ કરી દેજો. તમને ખબર છે. સાધુ, ભક્તો સૌ વહેલી સવારે પ્રાર્થનામાં મગ્ન બની જાય છે.

વહેલી સવારે કુદરતનું વાતાવરણ અને આપણું મન બંને શાંત અને પ્રસન્ન હોય છે. સૂર્યોદય પહેલાં જાગીને તેનો બીજો ફાયદો એ જ છે કે તનનું અને મનનું આરોગ્ય સારું રહે છે. આમ વહેલી સવારનો સમય પ્રાર્થના માટેનો શ્રેષ્ઠ સમય ગણાય છે. પણ એનો અર્થ એવો નહી કે તે સિવાયનાં સમયમાં પ્રાર્થના ન થઈ શકે. વહેલી સવારની જેમ સાંજે સૂતી વખતે પણ એજ રીતે પ્રાર્થના કરવી જોઈએ. એનાથી મન શાંત બને છે. સરસ ઊંઘ આવે છે. દિવસ દરમિયાન કામની શરૂઆત કરીએ ત્યારે પણ પ્રાર્થના કરવી જોઈએ. તમે શાળામાં ભણાવવાનું શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરો છો ? હવે શાળામાં સમૂહ પ્રાર્થના થાય છે. સમૂહ પ્રાર્થનાનું તો વધારે મહત્વ છે. સૌની શુભ ભાવનાઓ અને સુંદર વિચારો એમાં ભળે એટલે વાતાવરણમાં આપોઆપ પવિત્રતા પ્રગટે છે.

આ ઉપરાંત પણ પ્રાર્થના થઈ શકે, કોઈ મુશ્કેલી આવે છે મુંજવણનો અનુભવ થાય તો ખાસ પોતાની ચિંતાપ્રભુને સોંપ્યાનો અનુભવ થાય અને મન હળવું બને પુરુષાર્થ આપવા માટે અને માનસિક શાંતિ માટે પ્રાર્થના જરૂરી છે.

પ્રાર્થનાં કરીએ છીએ ત્યારે આપણ મનોમન આપણી ભૂલો સ્વીકારીએ ત્યારે આપણે દુર્ગુણો કરીશું અને સદ્‌ગુણો આચરીશું એવો સંકલ્પ આપણાથી થઈ જાય છે. સાચા દિલથી પ્રાર્થના કરીએ એટલે ક્રોધ, ભય, ચિંતા, શોક, વિષાદ વગેરે શમી જાય છે. પરિણામે માનસિક તાણ વિનાનું સદાચારી જીવન તનને અને મનને સ્વસ્થ રાખે છે.

તનનું અને મનનું આરોગ્ય હવે તમે નિયમિત સાચી પ્રાર્થના શરૂ કરશોને ? ક્યારેક પ્રાર્થનામાં સમયનાં મળે એવા સમયે.....

''કરતાં જઈએ ઘરનું કામ, લેતા જઈએ હરિનું નામ'', પંક્તિ મુજબ કેટલાક સામાન્ય કામની સાથે સાથે પ્રભુનું સ્મરણ કરવું. આપણાં પ્રાચીન ચારત્રમાં પ્રાર્થનાનું ખૂબ મહત્વ બતાવ્યું છે. આજનાં વિજ્ઞાને પણ તેનો સ્વીકાર કર્યો છે. આમ, માનવીએ દિવસનાં ૨૪ કલાકમાંથી ૫ મિનિટ પ્રાર્થનામાં ગાળવો જોઈએ.

- પરમાર ઉર્વશી.એમ.(એસ.વાય.બી.એ.)
રોલ નં.૫૩

## વિશ્વમંદી

વિશ્વમંદી સમગ્ર દેશમાં અત્યારે જોવા મળે છે. અમેરિકા, ભારત કે પછી બીજા દેશોમાં વિશ્વમંદી જોવા મળે છે. વિશ્વમંદીની અસરો બધે જ જોવા મળે છે. મંદીના કારણે ભારતમાં ૩૨ વર્ષ બાદ પ્રથમ વખત ફુગાવાનો દર શૂન્યથી નીચે માઈનસ ૧.૬૧ % એ આવી જતાં અર્થશાસ્ત્રીઓ માટ ચિંતાનો વિષય બની ગયો છે. ફુગાવાનો દર ઘટવા છતાં પણ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો ઘટવાનું નામ લેતા નથી. આ વર્ષે મોંઘવારી વધી છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ફુગાવાનો દર ૧૨.૯ % ના શિખરે પહોંચ્યો હતો. આ વર્ષે જૂનની ૬ તારીખે પુરા થયેલા સપ્તાહ માટે શૂન્યથી પણ નીચે આંક આવ્યો છે.

ફુગાવાનો દર ઘટયો હોવા છતાં પણ સામાન્ય માનવીને કોઈ રાહત મળી નથી. કઠોળમાં ૧૭% , અનાજમાં ૧૩.૫% , ફળ અને શાકભાજીમાં ૧૦% નો ભાવવધારો ગત વર્ષ કરતાં થયો છે. સામાન્ય માનવી કે ગરીબ વ્યક્તિ મોંઘવારીને કારણે આત્મહત્યા પણ કરે છે. જે વ્યક્તિ ૬૦૦૦ રૂ.માં પોતાના કુટુંબના ૫ સભ્યોનું ગુજરાન ચલાવતો હોય, જો આમ, દિવસે-દિવસે મોંઘવારી વધતી જાય તો તે વ્યક્તિ આખરે આત્મહત્યા કરવાનુંજ વિચાર કરે છે.

ફળ, શાકભાજીના ભાવ સાત ટકા, મચ્છી અને સમુદ્ર ખોરાકમાં ૨% તેમજ ચણા અને મગફળીના ભાવમાં ૧% નો ઘટાડો છઠ્ઠી જૂનના રોજ સમાપ્ત થયેલા સપ્તાહમાં થયો હતો. તુવેરની દાળમાં ૭ , જુવાર અને ઈંડામાં ત્રણ ટકા, મસૂર અને મકાઈમાં બે-બે ટકા, જ્યારે મગ, મોસ, અને ગરમ મસાલામાં એક-એક ટકાનો ભાવવધારો સંબંધિત સપ્તાહે થયો હતો. મીઠાના ભાવમાં ૧૦ટકાનો જંગી ભાવવધારો સંબંધિત સપ્તાહે થયો હતો. જયારે મોરસમાં ૧% ભાવ વધ્યો હતો. અર્થશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર ફુગાવાનો દર શૂન્યની નીચે જવા છતાં ખાદ્ય ચીજોના ભાવ વધતા રહે તે પરિસ્થિતિ અર્થતંત્ર માટે સારી ગણાય નહીં. અર્થતંત્ર અને ખાસ કરીને ઉત્પાદન સેત્ર માટે ચિંતાનો વિષય છે.

ઓઈલ અને ડિઝલના ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે. બજારમાં મળતાં બટર અને આયાતી ખાદ્યતેલમાં ૧૨ટકાનો વધારો નોંધાયો હતો. મંદી છતાં ભારતીય ગ્રાહકોનો ઓનલોઈનનો ખર્ચ ૪૨% વધ્યો છે.

વિકસિત રાષ્ટ્રોમાં ભારે મંદીના કારણે ભારતના નિકાસ કરતા એકમોમાં આશરે ૧૩ લાખ લોકો વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં પોતાની નોકરી ગુમાવશે તેમ યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટના

મોજણીમાં જણાવાયું છે કે નિકાસ વૃદ્ધિમાં સૌથી વધુ ઘટાડો પેટ્રોલિયમ ઉત્પાદનોમાં જોવા મળશે.

વૈશ્વિક મંદીના કારણે બ્રિટનની રાણીને ૭.૫ કરોડ પાઉન્ડનું નુકશાન થયા. વૈશ્વિક મંદીને કારણે શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓના ફીમાં વધારો થયેલો જોવા મળે છે.

વૈશ્વિક મંદીની અસરો મોટા ભાગે શેરબજારો થાય છે. મંદીના કારણે ગરીબ પ્રજા ત્રાસ પુકારી ઊઠી છે.

વૈશ્વિક મંદી હોવાના કારણે આખા વિશ્વ માટે ઘણી મોટી મુશ્કેલી સર્જાય છે. ગરીબ કુટુંબો મોંઘવારીના કારણે તેમની પરિસ્થિતિ બેહાલ બની ગઈ છે. ઉદ્યોગપતિઓને મોંઘવારીની કોઈ અસર થતી નથી. વૈશ્વિક મંદીને કારણે અત્યારે અમેરિકામાં પણ રોજગારી પ્રાપ્ત થતી નથી. ત્યાં પણ આ ગંભીર સમસ્યા બની ગઈ છે. ભારતની ૧૦% પ્રજા જ ઉદ્યોગપતિ, કોર્પોરેટ, એક્ઝિક્યુટીવ કે ઉચ્ચ વેપારી છે. વેલ્થ, ઈમ્પ્લોઈ, ફ્રીન્જ બેનિફીટ, અલ્ટરનેટીવ કે સિક્ટોરીટી ટ્રાન્ઝેકશન ટેક્સની જોગવાઈઓની ચર્ચા કે સ્પર્શ પણ ભારતના કેટલા કુટુંબોના મોં પર સ્મિત લાવી શકે ? આમ આદમીનો પ્રશ્ન પણ અત્યારે મોંઘવારી છે.

ભારતમાં વૈશ્વિક મંદી જયારે ઓછી થશે ત્યારે દરેક ગરીબ વ્યક્તિઓને રાહત થશે કારણ કે મંદીનો અંત આવશે ત્યારે આપોઆપ મોંઘવારી ઘટશે અને વિશ્વમાં આર્થિક રીતે સભર બનશે.

- સોલંકી ઈન્દીરાબેન નટુભાઈ(એફ.વાય.બી.એ.) રોલ નં.૨૫૫

## જિંદગી

જિંદગીએ કોઈ લઘુકથા નથી. જિંદગીએ તો એક નવલકથા છે. જે જિંદગી નવલકથાની જેમ ખૂબ જ લાંબી છે. પણ ક્યારેક નવલકથાના એક ફકરાની જેમ ટૂંકી થઈ જાય છે. તેમાંય વળી અલ્પવિરામ રૂપિ ચિન્હો આવે છે. અને તેનો સામનો કરવો પડે છે. તો ક્યારેક પ્રશ્નમાં મુકાઈ જઈએ છીએ. જેમાંથી બહાર આવવા ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તો ક્યારેક આપણને વિધ્નો રોપી હાઉસમાં મુકાઈ જઈએ છીએ. અને તેમાંથી છુટકારો મેળવવા આપણે અંત સુધી મહેનત કરીએ છીએ. જિંદગીના આ ફકરામાં ક્યારેક આશ્ચર્ય ચિહ્ન પણ હોય છે. કે અરે આ જિંદગી કેવી છે ?

આ ફકરા રૂપી જિંદગીથી કંટાળી જઈ આપણે પૂર્ણ વિરામને શોધીએ છીએ કે આવી જિંદગી જીવવા કરતા તો મરી જવું સારું પરંતુ એ પૂર્ણ વિરામની તો એને જ ખબર છે જેણે આ ફકરા રૂપી જિંદગીનું સર્જન કર્યું છે.

-બારોટ ભૂમિકાબેન-બી.(એફ.વાય.બી.એ).રોલ નં.૪૫

## કોનું શું જાણીતું ?

| | | |
|---|---|---|
| એક લવ્યની | - | ગુરુભક્તિ |
| રામનું | - | વચન-પાલન |
| મહાભારતનું | - | યુદ્ધ |
| ભારતની | - | સંસ્કૃતિ |
| જાપાનનની | - | સભ્યતા |
| અમેરિકાની | - | સમૃદ્ધિ |
| આફ્રિકાની | - | પરાધીનતા |
| ઓસ્ટ્રેલિયાની | - | રમત-ગમત |
| બ્રહ્મદેશની | - | સ્વતંત્રતા |
| સાઈબિરીયાની | - | કેદી |
| શ્રવણની | - | માતૃ-પિતૃભક્તિ |
| ભીમનું | - | બળ |
| રાજા વિક્રમનું | - | પરોપકાર |
| રાણા પ્રતાપની | - | ટેક |
| રશિયાનું | - | ભૂમિવિસ્તાર |

- પટેલ જિજ્ઞાસા (એસ.વાય.બી.એ.) રોલ નં.૮૨

## ભગવાની ક્યાંથી હોય ?

વસ્ત્રો થઈ ગયા ટૂંકા, લાજ કયાંથી હોય.
અનાજ થયા હાઈબ્રીડનાં, સ્વાદ કયાંથી હોય.
નેતા થયા ખુરશીના, દેશદાઝ કયાંથી હોય.
ફૂલો થયા પ્લાસ્ટિકનાં, સુગંધ કયાંથી હોય.
ચહેરા થયા મેક-અપનાં, રૂપ કયાંથી હોય.
શિક્ષકો થયા ટયુશનીયાં, વિદ્યા કયાંથી હોય.
ભોજન થયા ડાલડાનાં, તાકાત ક્યાંથી હોય.
પોગ્રામ થયા કેબલના, સંસ્કાર કયાંથી હોય.
માણસ થઈ ગયો પૈસાનો, દયા કયાંથી હોય.
ભકતો થયા સ્વાર્થના, ભગવાન કયાંથી હોય.
વહેવારો થયા ટેલિફોનનાં, શરમ ક્યાંથી હોય.

- પટેલ જિજ્ઞાસા (એસ.વાય.બી.એ.) રોલ નં.૮૨

## જીવન

જીવન એક પડકાર છે ....... ઝીલી લેવાનો
જીવન એક સંગ્રામ છે ....... સામનો કરવાનો
જીવન એક ગીત છે ......... ગાઈ લેવાનું
જીવન એક નદી છે ......... પાર કરવાની
જીવન એક સુખ છે ......... માણી લેવાનું
જીવન એક દુઃખ છે ......... દુર કરવાનું
જીવન એક પ્રેમ છે ........ મન ભરી માણવાનો
જીવન એક રમત છે ......... રમી લેવાની
જીવન એક ધ્યેય છે .......... પ્રાપ્ત કરવાનો
જીવન એક અવસર છે ....... જીવી લેવાના

'વિશ્વમાં મોટામાં મોટી 'માસ્ટર કી' નું નામ છે અથાક પરિશ્રમ'.
એના દ્વારા તમે તમારાં પ્રારબ્ધના બંધ દરવાજા પણ ખોલી શકો છો

- મહાત્મા ગાંધી

## ગૃહસ્થી માટે સોનેરી સૂચના

અતિથિએ ઘરનો વૈભવ છે.
પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે.
વ્યવસ્થાએ ઘરની શોભા છે.
સદાચારએ ઘરની સુવાસ છે.
સમાધાન એ ઘરનું સુખ છે.

* * *

દેવુ થાય એવું ખર્ચશો નહિ,
પાપ થાય એવું કમાશો નહિ,
કલેશ થાય તેવું બોલશો નહિ,
ચિંતા થાય તેવું જીવશો નહિ.
રોગ થાય તેવું ખાશો નહિ.

* * *

-પટેલ નીશા ગીરીશભાઈ (એફ.વાય.બી.એ.) રોલ.૨૦૩

## હું કરું શું ?

કુદરતના આ રંગની વાત હું કરું છું ?
ને મારા જાત-જાતના તરંગને હું કરું છું ?
આવે છે, વિચાર આ ફુલને હું પણ ચૂંટી લઉ,
પણ ત્યાં તો યાદ આવે ફોરમને હું કરુ શું ?
મનમાં થાય હું પણ ગગન વિહાર ચાલ,
પણ પછી થાય કે આ પક્ષીઓને હું કરું શું ?
કલકલ કરતું વહેતું ઝરણું લાવ હું પણ રોકું,
પણ ત્યાં તો યાદ આવે આ પાણીનુ હું કરુ શું ?
વિજ્ઞાન થકી માનવ તૈયાર થયો ભગવાન થવા,
હવે વિચાર કરે ભગવાન , માનવને હું કરું શું?

## જીવતર માટે નથી સરસ

નાકે લીંટને ઢગલો માખ
છોકરું ગંદુ માનો વાંક
કપડાં ગંદા ધૂળમાં થાય
ખસ, દાદરને ગુમડા થાય
અફીણ ગાંજો ને ચરસ
જીવતર માટે નથી સરસ
તમાકુથી કેન્સર થાય
ખાવું એનું દુષ્કર જાય
દારૂ, બીડી કુકકાને મલમ
થાય ટી.બી.ને ફુટે કરમ
થાય જે દારૂનો દાસ
થાતું એનું સત્યાનાશ
પાન મસાલા થાય કિમામ
મ્હોં ના રોગ થાય તમામ
મીઠું ને ખાંડ સફેદ ઝેર
ઓછા ખાઈ કરે લહેર
ચા ભજીયા હોટલને લોજ
માંદગી ખર્ચાની ઉતરે ફોજ
મગ, મગફળી, દૂધને ભાજી
શરીર સારું આંખો તાજી.

-મકવાણા નિલમ પી. (એસ.વાય.બી એ.) રોલ.૬૭

## સત્ય શબ્દ

રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, [illegible] નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, સુખ નહીં.
રૂપિયાથી પુસ્તક ખરીદી શકાય છે, જ્ઞાન નહીં.
રૂપિયાથી ભોજન ખરીદી શકાય છે, ભૂખ નહીં.
રૂપિયાથી મકાન ખરીદી શકાય છે, ઘર નહીં.
રૂપિયાથી દવા ખરીદી શકાય છે, આરોગ્ય નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, સંસ્કૃતિ નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, પ્રસન્નતા નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, સુંદરતા નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, મિત્ર નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, શાંતિ નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, મહાનતા નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, યોગ્યતા નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, જ્ઞાન નહીં.
રૂપિયાથી [illegible] ખરીદી શકાય છે, અનુભવ નહીં.

- પ્રજાપતિ જૈમીનકુમાર બી. (એફ.વાય.બી.એ.) રોલ નં.૧૯૧

## ભારતના ભાષા જૂથો

| ક્રમ | ભાષા | ભાષા બોલનારાં લોકોની સંખ્યા | કુલ વસ્તી ટકા |
|---|---|---|---|
| ૧) | હિન્દી | ૩૩,૭૨,૭૨,૧૧૪ | ૩૯.૮૫ |
| ૨) | બંગાળી | ૬,૯૫,૯૫,૭૩૮ | ૮.૨૨ |
| ૩) | તેલુગુ | ૬,૬૦,૧૭,૬૧૫ | ૭.૮૦ |
| ૪) | મરાઠી | ૬,૨૪,૮૧,૬૮૧ | ૭.૩૮ |
| ૫) | તમિલ | ૫,૩૦,૦૬,૩૬૮ | ૬.૨૬ |
| ૬) | ઉર્દૂ | ૪,૩૪,૦૬,૯૩૨ | ૫.૧૩ |
| ૭) | ગુજરાતી | ૪,૦૬,૭૩,૮૧૪ | ૪.૧૮ |
| ૮) | કન્નડ | ૩,૨૭,૫૩,૬૭૬ | ૩.૮૭ |
| ૯) | મલયાલમ | ૩,૦૩,૭૭,૧૭૬ | ૩.૫૯ |
| ૧૦) | ઓડિયા | ૨,૮૦,૬૧,૧૩૧ | ૨.૭૬ |
| ૧૧) | પંજાબી | ૨,૩૩,૭૮,૭૪૪ | ૨.૭૬ |
| ૧૨) | આસામી | ૧,૩૦,૭૯,૬૯૪ | ૧.૫૫ |
| ૧૩) | સિંધી | ૦.૨૧,૨૨,૮૪૮ | ૦.૨૫ |
| ૧૪) | નેપાળી | ૦.૨૦,૭૬,૬૪૫ | ૦.૨૫ |
| ૧૫) | કોંકણી | ૦.૧૭,૬૦,૬૦૭ | ૦.૨૧ |
| ૧૬) | મણિપુરી | ૦,૧૨,૭૦,૨૧૬ | ૦.૨૫ |
| ૧૭) | કાશ્મીરી | --- | --- |
| ૧૮) | સંસ્કૃત | ૦,૩,૪૯,૭૩૬ | ૦.૦૧ |

- રાવલ મમતા.બે.(એફ.વાય.બી.એ.) રોલ નં.૫૫

" મરનારની ચિતા પર ચાહનાર કોઈ ચડતુ નથી
કહે છે કે પાછળથી મરીશ પણ પાછળથી કોઈ મરતુ નથી
અરે દેહને બળતો જોઈને આગમાં કોઈ પડતું નથી,
અરે આગમાં તો શું એની રાખને પણ કોઈ અડતું નથી.

## જીવનને જીવવાની રીત

ખાવા જેવી કોઈ ચીજ હોય તો - ગમ છે.
ગળી જવા જેવી કોઈ ચીજ હોય તો - અપમાન છે.
પચાવવા જેવી કોઈ ચીજ હોય તો - બુદ્ધિ છે.
પીવા જેવી કોઈ ચીજ હોય તો - ક્રોધ છે.
આપવા જેવી કોઈ ચીજ હોય તો - દાન છે.
લેવા જેવી કોઈ ચીજ હોય તો - જ્ઞાન છે.
જીતવા જેવી કોઈ ચીજ હોય તો - પ્રેમ છે.
હારવા જેવી કોઈ ચીજ હોય તો - અભિમાન છે.
દેખાડવા જેવી કોઈ ચીજ હોય તો - દયા છે.
સાંભળવા જેવી કોઈ ચીજ હોય તો - ગુણ છે.
બોલવા જેવી કોઈ ચીજ હોય તો - સત્ય છે.
કરવા જેવી કોઈ ચીજ હોય તો - સેવા છે.
ફેંકવા જેવી કોઈ ચીજ હોય તો - ઈર્ષા છે.
વશ કરવા જેવી કોઈ ચીજ હોય તો - મન છે.
છોડવા જેવી કોઈ ચીજ હોય તો - અનીતિ છે.
સાચવવા જેવી કોઈ ચીજ હોય તો - ઈજ્જત છે.

- ડા.પટેલ રૂપાલી સી. (એફ.વાય.બી.એ.) રોલ નં.૪૭

## જરા હસીએ....

રોકી : પપ્પા આપણા બેમાં વધુ હોંશિયાર કોણ ?
પિતા : હું
રોકી : કેમ ?
પિતા : કારણ કે તારા કરતાં મારીઉંમર વધારે છે અને અનુભવ પણ વધારે છે.
રોકી : તો અમેરિકાની શોધ કોણે કરી એ વિશે તમે જાણતા જ હશો?
પિતા : હા,મને ખબર છે. અમેરિકાની શોધ કોલંબસે કરી હતી.
રોકી : કોલંબસના પિતાએ કેમ નહીં ? તેઓ તો કોલંબસ કરતાં વધુ હોંશિયાર હશે ને ?

★ ★ ★

એક સરદારજી ૯૧૧ નંબરનો ટેલિફોન ન લગાવી શક્યા. કેમ ?
કારણ કે એમને ટેલિફોનમાં નવનો આંકડો જડયો પણ ૧૧નો આંકડો ન જડયો.

★ ★ ★

શેરસિંહ સરદાર રસ્તા પરથી જઈ રહ્યો હતો. એણે દિવાલ પર એકવાક્ય વાંચ્યુ...વાંચનાર ગધેડો. શેરસિંહ સરદારે અડધો કલાક સુધી વિચાર્યું. એ વાક્યને ભૂંસી નાંખ્યું અને ફરી લખ્યું...લખનાર ગધેડો.

★ ★ ★

બે બાળકો ભીખ માંગવા જઈ રહ્યા હતા. પહેલો બાળક બોલ્યો તને એક લાખની લોટરી લાગી જાય તો તું શું કરે ? બીજાએ કહ્યું : હું એ રૂપિયાની કાર ખરીદીશ, જેમાં આપણે બંને બેસીને ભીખ માંગવા નીકળીશું ?

★ ★ ★

શિક્ષકે ચીન્ટુને પૂછ્યું : ત્રણનું બહુવચન શું થાય ? ચીન્ટુએ કહ્યું : ઝાડુ.

★ ★ ★

બે છોકરાં જઈ રહ્યાં હતા. એક મોટો અને એક નાનો. એક આદમીએ નાના છોકરાને પૂછ્યું, આ મોટા છોકરા સાથે તારે શું સંબંધ છે?
નાના છોકરાંએ કહ્યું : તે મારો દૂરનો સંબંધી છે.
એ આદમીએ ફરીથી પૂછ્યું, અરે તારો આની સાથે શું સંબંધ છે ?
નાના છોકરાએ કહ્યું : જી, તે મારો સગો ભાઈછે.
આદમીએ આશ્ચર્યથી કહ્યું : તો પછી તું તારો દૂરનો સગો કેમ કહે છે ?
નાનાં છોકરાએ જવાબ આપ્યો : કારણ કે એની અને મારી વચ્ચે બીજા સાત ભાઈઓ છે.

- પટેલીયા સેમ્યુલકુમાર ડી.(ટી.વાય.બી.એ.) રોલ નં૩૭

## The Ratio between hard work and Luck is

Make hard work a daily. habit in-stead of iying suppinely and waiting for a cnance fruit to full into your lap walter the plant of fortune with drops of sweat And see it grow and bear fruit ?

Lady Luck smiles on those who have the will : " To strike,to seek to find and not to vieldr miracle happens and the impossible becomes possible for those work work ceasel essly and never give us know what you want work for it and the earth will yield its treasures to you ?

**- Prajapati Jaymin Kumar.B.**
**(F.Y.B.A.,Roll No.191)**

- ✲ આળસએ ઈશ્વરે આપેલા હાથપગનું અપમાન છે.
- ✲ વિદ્યાનું ફળ ઉત્તમ ચારિત્ર અને સદાચાર છે.
- ✲ સદ્ગુણોનું ખાવા સિવાય બીજું કાંઈ કામ નથી તે અહંકાર છે.
- ✲ સંતાન માટે સાચું સંસ્કાર તીર્થ મા-બાપ છે.
- ✲ સળગે છે તે ભડકો છે, ને પ્રગટે છે તે દીપ છે.
- ✲ કર્મ માનવીના અંતઃકરણની ઓળખ આપનારો અરીસો છે.
- ✲ પૂરતી તૈયારી અને તકના સરવાળા પછી જે સર્જાય....તે નસીબ !!

## Proverbs(પ્રોવર્બ્ઝ):કહેવતો

૧) Love is god(લવ ઈઝ ગોડ)
પ્રેમ એજ પરમેશ્વર

૨) Every colud has a silver lining.
(એવરી કલાઉડ હેઝ એ સિલ્વર લાઈનિંગ)
લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે.

૩) Laughter is the best medicine.
(લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસિન)
હાસ્ય એક ઉત્તમ દવા છે.

૪) As you sow, so your reap
(એઝ યુ સો સો યુ રીપ)
જેવું વાવો તેવું લણો

૫) Honesty is the best policy.
(ઓનેસ્ટ ઈઝ ધ બેસ્ટ પોલિસિ)
પ્રામાણિકતા શ્રેષ્ઠ નીતિ છે.

૬) Might is right.(માઈટ ઈઝ રાઈટ)
બળિયાનાં બે ભાગ.

૭) Time is money.(ટાઈમ ઈઝમની)
સમય કિંમતી છે.

૮) Turth trumphs.(ટ્રથ ટ્રાયમ્ફસ)
સત્યનો જય છે.

૯) A friend is in need is a friend indeed
(એ ફ્રેન્ડ ઈન નીડ ઈઝ એ ફ્રેન્ડ ઈન્ડીડ)
દુઃખમાં સાથ આપે તે સાચો મિત્ર.

૧૦) Every dog has its day.
(એવરિ ડોગ હેઝ ઈટ્સ ડે)
સો દહાડા સાસુનાં એક દહાડો વહુનો.
દુઃખમાં સાથ આપે તે સાચો મિત્ર.

૧૧) A Little Knowledge is a dangerous thing.
(એ લિટલ નોલિજ ઈઝએ ડેન્જર સર્પિંગ)
અધુરું જ્ઞાન ભયજનક છે.

૧૨) Do not kill the hen that iays golden eggs.
(ડુ નોટ કિલ ધ હેન ધેટ બેઝ ગોલ્ડન એગ્ઝ)
અતિ લોભ તે પાપનું મૂળ.

૧૩) Look before you leap.
(લુક બિફોર યુ લીપ)
કુદકો મારતાં પહેલાં વિચારો.

૧૪) Virtue has its own reward.
(વર્ટ્યુ હેઝ ઈટસ ઓન રિવાર્ડ)
સદ્ગુણ મોટી ખાણ છે.

૧૫) Slow and steddy wins the race.
(સ્લો એન્ડ સ્ટેડી વીન ધ રેસ)
ધીરજનાં ફળ મીઠાં.

-પ્રજાપતિ જૈમીન.બી.(એફ.વાય.બી.એ.)રોલ નં.૧૯૧

## एक चीज

जीतने के लिए कोई चीज है तो - प्रेम
पीने के लिए कोई चीज है तो - क्रोध
देने के लिए कोई चीज है तो - दान
दिखाने के लिए कोई चीज है तो - दया
लेने के लिए कोई चीज है तो - ज्ञान
कहने के लिए कोई चीज है तो - सत्य
फैंकने के लिए कोई चीज है तो - ईर्ष्या
छोडने के लिए कोई चीज है तो - मोह

- પ્રજાપતિ પ્રતિક્ષા આર.(ટી.વાય.બી.એ.)રોલ નં.૨૩

## જરા હસીએ....

૧) રાતના સમયે રોકી અને એની મમ્મી રૂમમાં બેઠા હતાં. કંઈક કામ યાદ આવતા રોકીના મમ્મી બહાર જવા તૈયાર થઈ ગયા. તરત જ રોકી બોલ્યો. મમ્મી મને એકલો મૂકીને ન જતાં, બહું ડર લાગે છે. બીક શાની લાગે ? ઈશ્વર હંમેશા આપણી સાથે હોય છે.
એ તને નથી કહ્યું ? મમ્મી રોકીને દબડાવતાં બોલી. પણ મમ્મી તમે જ કહેલું કે હંમેશા ઈશ્વરનો ડર રાખવો.

★ ★ ★

૨) તમારા દેખાવનો મોટો આધાર તમારા વાળ ઉપર જ છે. એ કદાચ તમે નહીં જાણતા હો. પેલી ડોશી જેવી દેખાતી આશા ગઈ કાલે બૉયકટ સ્ટાઈલના વાળ કપાવી આવી. હવે એ ડોસા જેવી લાગે છે.

★ ★ ★

૩) સિપાઈ :આ ગાય અને વાછરડું કોનાં છે?
રોકી : ગાયની તો મને ખબર નથી પરંતુ આ વાછરડું કોનું છે તે હું બરાબર જાણું છું.
સિપાઈ: કોનુ છે ?
રોકી: જી,ગાયનું છે.

★ ★ ★

૪) શિક્ષક:(વિદ્યાર્થીને) તારું નામશું છે ?
વિદ્યાર્થી:રૂપ પ્રકાશ
શિક્ષક:અંગ્રેજીમાં જવાબ આપ.
વિદ્યાર્થી :સર, માઈનેમ ઈઝ ફેસ લાઈટ.

✲ જે આપણી મરજી સાચવે એ નહીં...પણ જે આપણું હિત સાચવે એ સાચો મિત્ર...!!
✲ જેની જીભ નાની એનું કામ મોટું... જેની જીભ મોટી એનું કામ નાનું...!!

## धन से

धन से पुस्तक मिलती है ।
किन्तु ज्ञान नहीं ।
धन से आभूषण मिलता है ।
किन्तु रुप नहीं ।
धन से सुख मिलता है ।
किन्तु आनंद नहीं ।
धन से साथी मिलते है ।
किन्तु सच्चे मित्र नहीं ।
धन से भोजन मिलता है ।
किन्तु भूख नहीं ।
धन से दवा मिलती है।
किन्तु स्वास्थ्य नहीं ।
धन से एकान्त मिलता है।
किन्तु शान्त नहीं ।
धन से विस्तर मिलता है ।
किन्तु नींद नहीं ।

- પ્રજાપતિ પ્રતિક્ષા આર.(ટી.વાય.બી.એ.)રોલ નં.૨૩

## જાન્યુઆરી થી ડિસેમ્બર

જાન્યુઆરીમાં પતંગ ચગે,
ફેબ્રુઆરીમાં પાન ખરે,
માર્ચ માસે ફૂલ ખીલે,
તાપ તડકો ફૂલ ઝીલે,
એપ્રિલ કહેતા એપ્રિલ ફૂલ,
નાના મોટા કરતા ભૂલ,
મે મહિને તો લૂ વાય,
હીલ સ્ટેશને ફરવા જાય.
જૂન મહિને બાફ વધે,
ગરમીનું સામ્રાજ્ય બધે.
જુલાઈ લાવે મેહ તાણી,
છોકરા ખાય ગોળ ધાણી,
ઓગસ્ટે આઝાદી મળી
ઘરઘરમાં ખીલી કળી,
સપ્ટેમ્બર તો શિક્ષક દિન,
શિક્ષક બને ન કદી દીન.
ઓક્ટોબર તો દિવાળી
સૌ કોઈ ખાય સુંવાળી
નવેમ્બર ટાઢ શરૂ થાય,
ડિસેમ્બર છેલ્લો કહેવાય.

- ઋતવી.ડી.પટેલ(એફ.વાય.બી.એ.) રોલ નં.૬૯

માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.

હૃદયની કોઈ જ ભાષા હોતી નથી. હૃદય હૃદયથી જ વાતચીત કરે છે.

## ૧૦૦ની કરામત

૧૦૦નલ - છોકરીનું નામ
૧૦૦લ્જર - સૈનિક
૧૦૦બચ - ટેવ
૧૦૦ગાત - ભેટ
૧૦૦નેરી - રંગનું નામ
૧૦૦દાગાર - ફિલ્મનું નામ
૧૦૦નું - ઘરેણું
૧૦૦રી - માફ કરો
૧૦૦મનાથ - સ્થળનું નામ
૧૦૦લડી - ગામનું નામ
૧૦૦મવાર - વારનું નામ
૧૦૦ની - ઘરેણા ઘડનાર
૧૦૦ન - એક સંસ્થા
૧૦૦ફા - બેસવા માટે
૧૦૦રભ - છોકરાનું નામ
૧૦૦નામ્હોર - ચાંદીની મણી
૧૦૦ય - કપડાં સીવવાનું સાધન.

## વિચારી તો જુઓ

જીવતા આવડતું નથી,
જીવન શું છે વિચારી તો જુઓ.
ઉઠ્યા કરે છે મનમાં ખોટા તરંગો
સપના શું છે વિચારી તો જુઓ.
ઉડતાં આવડતું નથી
વિશાળ ગગન શું છે વિચારી તો જુઓ
ભણવામાં રસ નથી
પરીક્ષા શું છે વિચારી તો જુઓ
પ્રકૃતિમાં કોઈ રસ નથી
ઈશ્વર શું છે વિચારી તો જુઓ
હિન્દુ મુસલમાન લડયા કરે છે.
ઈન્સાનિયત શું છે વિચારી તો જુઓ.

- ઋતવી.ડી.પટેલ(એફ.વાય.બી.એ.) રોલ નં.૬૯

## કાંઈ નક્કી નથી.

જીવનમાં ન થવાનું થાય છે, કાંઈ નક્કી નથી.
મુક્ત ગગન નું પંખી,
પીંજરે પૂરાયું છે,ક્યાં સુધી, નક્કી નથી.
સંઘર્ષ કરો, પુરુષાર્થ કરો,
પણ પરિણામ નક્કી નથી.
ધાર્યું તમારું જ થાય તો જાણવું,
ઈશ્વરની હસ્તી નક્કી નથી.
સૌંદર્યના શિખર-સમા પુષ્પો,
પ્રસરશે ક્યાં સુધી, નક્કી નથી.
જીવન પણ એક ફુલ છે,
ક્યારે કરમાશે, તે નક્કી નથી.

પટેલ પૂજા એન.(એફ.વાય.બી.એ.) રોલ નં.૨૦૬

## આપણું કશું નથી.

દુનિયામાં તમારું પોતાનું કોઈ નથી. જે કાંઈ પણ તમારું છે, તમારી પાસે છે,તે અમાનત છે, દીકરો છે તે તો વહુની અનામત છે. દીકરી છે તે જમાઈની અનામત છે. શરીર સ્મશાની અને જીંદગી મૌતની અમાનત છે. તમે જોજો એક દિવસ દીકરો વહુનો થઈ જશે. દીકરી જમાઈની થઈ જશે. શરીર સ્મશાનની ચીતામાં મળી જશે. અને જીવન મોતથી હારી જશે. તો પછી અનામતને અમાનત સમજીને જ તેની સરસંભાળ કરવી જોઈએ,

તેની પર માલિકીનો થવો કરવો જોઈએ.

-પટેલ પૂજા એન.(એફ.વાય.બી.એ.) રોલ નં.૨૦૬

## ગઝલ

આમ તો તમે શરમાવ છો,
પણ વારંવાર કેમ પલટાવ છો.
લાગે છે તમે થોડા ગભરાવ છો,
જોવું છું આપ ઘણા બદલાવ છો.
સાચુ કહું તમે એક સવાલ છો,
થોડા લાલ છો થોડા કમાલ છો,
નયનથી, નયન મળીને નયન ઢળે,
જરા કહેશો તમે કયા પ્રકારના ગુલાબ છો.
આપ તો ઘણા લાજવાબ છો,
પણ મારા માટે એક ખ્વાબ છો,
તમને જોઈને ચડે છે નશો વગર પીધે,
જરા કહેતા જાવ કયા પ્રકારના શરાબ છો.

- ઋતવી.ડી.પટેલ(એફ.વાય.બી.એ.) રોલ નં.૬૯

## ત્રણ અક્ષરમાં ત્રિભુવન

૧) **ત્રણનો સંગ્રહ કરો :** સારા પુસ્તકો,સારા મિત્રો, સારું કામ
૨) **ત્રણને દુશ્મન માનો :** ક્રોધ, વ્હેમ, કલેશ
૩) **ત્રણને હંમેશા ચાહો :** હિંમત, ઊદારતા, નિઃસ્વાર્થ.
૪) **ત્રણની કાળજી લો :** જીવન,ચારિત્ર્ય,સદ્‌ગુણ
૫) **ત્રણથી બચો :** ખોટી નિંદા,ખોટી સંગત, નિઃસ્વાર્થ
૬) **ત્રણને આવકારો :** તંદુરસ્તી,સ્વચ્છતા,પ્રસન્નતા
૭) **ત્રણને સામે લડો :** દંભ,નિંદા,જુઠાણું
૮) **ત્રણ કોઈની રાહ જોતા નથી :** સમય,મૃત્યુ,ગ્રાહક
૯) **ત્રણને જાળવી રાખો :** આત્મવિશ્વાસ,અહિંસા,સદાચાર
૧૦) **ત્રણની કદર કરો :** સ્નેહ,સ્વભાવ,કદર
૧૧) **ત્રણને વશમાં રાખો :** મન,કામ,ક્રોધ
૧૨) **ત્રણ માટે તૈયાર રહો :** દુઃખ, મૃત્યુ,વિપત્તિ
૧૩) **ત્રણને શંકાથી જુઓ :** ખુશામત ખોર, ઢોંગી,પંચાતિયા
૧૪) **ત્રણ માટે હંમેશા લડો :** સત્ય,ન્યાય,શાંતિ
૧૫) **ત્રણથી આનંદ માનો :** સૌંદર્ય, સાફદિલ, સચ્ચાઈ
૧૬) **ત્રણને માન આપો :** વડીલ,ન્યાય, સંયમ
૧૭) **ત્રણનો ત્યાગ કરો :** જુગાર, દારૂ,વ્યસન
૧૮) **ત્રણના સન્માન કરો :** માતા, પિતા, ગુરૂ
૧૯) **ત્રણ પર દયા કરો :** બાળક, ભૂખ્યા, પ્રજ્ઞાચક્ષુ
૨૦) **ત્રણ પાયમાલ કરે છે :** કરજ, કપટ, કુવચન
૨૧) **ત્રણ જ્ઞાન વર્ધક છે :** વાંચન, વાતચીત, નિરીક્ષણ
૨૨) **ત્રણને પ્રગતિ માટે યાદ કરો :** ઈશ્વર, મહેનત, વિદ્યા
૨૩) **ત્રણ જીવનમાં એક જ વાર મળે :** મા, બાપ, જવાની
૨૪) **ત્રણ પ્રભુ ભજન કદી નહીં કરવા દે :** વિષય, વ્યસન, વહેમ

- ઋતવી.ડી.પટેલ(એફ.વાય.બી.એ.) રોલ નં.૬૯

## પોલીગ્રાફ : મનમાં છુપાયેલા જવાબોને મેળવતુ મશીન

પોલીગ્રાફ એક પ્રકારનું ઈન્સ્ટ્રુમેન્ટ એટલે કે સાધન છે જે મનોવૈજ્ઞાનિક જવાબોનો રેકોર્ડ કરે છે. આપણે જ્યારે કોઈ વ્યક્તિને સવાલ પૂછીએ છીએ ત્યારે સામે મળતો જવાબ સાચો જ હોય તેની ગેરંટી હોતી નથી. મનમાં બીજા કોઈ જવાબ હોવા છતાં વ્યક્તિ શબ્દોમાં અન્ય જવાબ રજુ કરતી હોય છે. પોલીગ્રાફ દ્વારા વ્યક્તિનો જવાબ કેટલો સાચો કે ખોટો છે. તેનું માપન કરી શકાય છે. સવાલનો જવાબ આપતી વખતે જે તે વ્યક્તિનું બ્લડપ્રેસર , શ્વાસની ગતિ, શરીરનું તાપમાન, ધબકારા, ત્વચાની ચાલકતાના આધારે જવાબની સત્યતાનું આકલન કરવામાં આવે છે. પ્રશ્ન પૂછતી વખતે સિંપેથેટિક નર્વસ સિસ્ટમના કારણે થયેલા મનોવૈજ્ઞાનિક પરિવર્તનોને પોલીગ્રાફ ટેસ્ટ જુએ છે. ઘણા દેશોમાં પોલિગ્રાફ ટેસ્ટનો પ્રયોગ ગુનેગારોને સત્ય બોલાવવા માટે કરવામાં આવે છે. હાલમાં ટી.વી.ચેનલ પર શરૂ

થયેલા સચ કા સામના કાર્યક્રમમાં આવા જ મશીનનો સહારો લઈને જવાબની સત્યતા તપાસવામાં આવી રહી છે. જો કે આ ટેસ્ટનો પ્રયોગ હંમેશા વિવાદાસ્પદ રહ્યો છે.

**ઇતિહાસ :** ૧૮૮૫માં સીજર લોંબ્રોસોએ પોલીસના જુદાજુદા કેસોમાં બ્લડપ્રેસરને માપવા માટે લાઈડિટેક્શન મેથડનો ઉપયોગ કર્યો હતો. ૧૯૧૪માં વિટોરિયો બેનુસીએ શ્વાસની ગતિના આધારે જુઠને પકડી પાડતા મશીનનું નિર્માણ કર્યું હતું. કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલયના ડૉ.જોન એ.લાર્સનેત્રસ્માદ એવુ મશીન બનાવ્યું કે જે બ્લડ પ્રેશર અને ત્વચાના આધારે સત્યતાનું માપન કરતું હોય.

**ટેકનોલોજી :** પોલીગ્રાફ ટેસ્ટ માટે મુખ્યત્વે બે રીત અપનાવવામાં આવે છે. પહેલી કમ્પ્યુટરાઈઝ્ડ અને બીજી એનલોગ. પોલીગ્રાફ ટેસ્ટ કરતા પહેલા જે તે વ્યક્તિની કેવી રીતે કામ કરે છે.અને તે કેવી રીતે જુઠા જવાબને પકડી પાડે છે.

તેની માહિતી ટેસ્ટર આપે છે. અમેરિકા, ભારત, યુરોપ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયલમાં પોલિગ્રાફ ટેસ્ટને મંજુરી આપવામાં આવી છે.

- તનપદા રતેશ.આર.(એફ.વાય.બી.એસ.સી.)
રોલનં.૧૨૨

## નિષ્ફળતા સફળતાની...

જેવી રીતે કરોળિયો પોતાનું જાળું બનાવતાં કેટલીય વાર નિષ્ફળ જાય છે.પરંતુ તે પોતાનો પ્રયત્ન ચાલુ રાખે છે.અંતે તેને સફળતા મળે છે. એક કવિએ કહ્યું છે કે,

**"મને મળી નિષ્ફળતા અનેક તેથી
થયો જીંદગીમાં હું સફળ."**

જયારે તમને સફળતા મળે ત્યારે દુનિયા એવું માને છે કે તમારા સિવાયનાં બધાં પરિબળો તમારે માટે કારણભૂત છે અને જયારે તમને નિષ્ફળતા મળે ત્યારે એ જ દુનિયા એવું માને છે કે તેનું કારણ તમે અને એક માત્ર તમે જ છો.

## લોહીની સગાઈ

" ખુશ્બુ તમારા પ્રેમની અમારી
શ્વાસોમાં લપાઈ છે
ખરેખરી પ્રિતતો હવે બંધાઈ છે
આમ, સરળતાથી નહિ ભૂલી
શકાય....
પેટલાદ કોલેજ સાથે હવે
લોહીની સગાઈ છે. "

## દોસ્તી

દોસ્તી કોઈ દાવો નથી,
દોસ્તી જીવન છે.
દોસ્તી કોઈ દમન નથી,
દોસ્તી મૃદુ કફન છે.
મળી જાય દોસ્તી તો
ચમન ખીલી જાય છે.
ન મળે દોસ્તી તો
ખુશ્બુ ઊડી જાય છે.
દોસ્તી તલવારની ધાર જેવી
તે લોહી પણ વહાવે છે.
ભરી મહેફિલમાં હાસ્ય સાથે
રુદન પણ કરાવે છે.

-પટેલ ભૂમિકા એસ.(એસ.વાય.બી.એ.)
રોલ.નં.૧૭

## અર્થશાસ્ત્ર



### મેક્સ વેબર

જર્મન રાજકીય અર્થશાસ્ત્રી અને સમાજશાસ્ત્રી

**જન્મ :** ૨૧,એપ્રિલ,૧૯૬૪
એરફુર્ટ,પ્રુસ્યીન સેક્સોની

**મૃત્યુ :** ૧૪-જૂન,૧૯૨૦ (૫૬ વર્ષ)
મુનીચ, બાવરીયા

**મૃત્યુનું કારણ :** ન્યુમોનીયા

૧) આત્મકથા

૨) શું પ્રાપ્ત કરલે :

૧) ધર્મનું સમાજશાસ્ત્ર :
- સામુદાયિક વિચારો - મૂડીવાદ
- ચાઈનાનો ધર્મ - કન્ફયુશીયસ અને તાઓઈઝમ
- ઈન્ડિયન ધર્મ - ભારતીય અનેબુધ્ધિસ્ટનું સમાજશાસ્ત્ર
- પ્રાચીન જુડાઈઝમ

૨) રાજ્યશાસ્ત્ર અને સરકારનું સમાજશાસ્ત્ર

૩) અર્થશાસ્ત્ર
૧) વેબર-સોસીયાલીઝમ ક્રીટીક

૩) વેબરના તત્વજ્ઞાની સૂચનો :
૧) ઓસ્ટ્રેલિયન સ્કૂલમાંથી તાત્પર્ય
૨) ઐતિહાસિક તત્વચિંતકો

- શાવલીયા શૈલેષ.એમ.,
પટેલ મૌલિક કે.



## આમર્ત્ય સેન

**જન્મ :** ૩-નવેમ્બર,૧૯૩૩

**રહેઠાણ :** યુ.એસ.એ., (અમેરિકા)

**અભ્યાસ ક્ષેત્ર :** અર્થશાસ્ત્ર,તત્વજ્ઞાન

**કાર્યક્ષેત્ર : (સંસ્થાઓ)**
હાર્વર્ડ યુનિવર્સિટી (યુ.એસ.એ.)
કોર્નેલ યુનિવર્સિટી (યુ.એસ.એ.)
દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ
કેમ્બ્રીઝ યુનિવર્સિટી (યુ.કે.)
ઓક્સફર્ડ યુનિવર્સિટી (યુ.કે.)
લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ (યુ.કે.)
પ્રિન્સ્ટન યુનિવર્સિટી (યુ.કે.)
જાદવપુર યુનિવર્સિટી (યુ.કે.)

**અભ્યાસની માતૃસત્તાઓ :-**
ટ્રિનિટી કોલેજ,કેમ્બ્રીઝ (પીએચ.ડી.) (બી.એ.)
પ્રસિડન્સી કોલેજ,કલકત્તા (બી.એ.)
વિશ્વભારતી યુનિવર્સિટી,શાંતિ નિકેતન (મેટ્રીક)

**જેના માટે ખ્યાતિ પામ્યા છે :-**
કલ્યાણ અર્થશાસ્ત્ર માનવવિકાસ સિંધ્ધાત

**પ્રભાવ:** જહૉન રોલ્સ

**નોંધપાત્ર પુરસ્કાર :**
અર્થશાસ્ત્ર વિષયમાં નોબેલ મેમોરિયલ પુરસ્કાર (૧૯૯૮), ભારત રત્ન (૧૯૯૯)

**ધાર્મિકતા :-** આસ્તિક,ઈશ્વરવાદી

- શાવલીયા શૈલેષ.એમ.,
પટેલ મૌલિક કે.

- મોટા ભાગના માણસોના નામ જીવનમાં બે જ વાર છપાય છે. એક બાપને પૈસે કંકોતરીમાં અને વગર પૈસે ઉઠમણા (મૃત્યુનોંધ) ની નોંધમાં.
- કુશળ વેપારીનું સુવર્ણ વાક્ય, પૈસા લખીને પછી આપો, પૈસા પહેલા લઈને પછી લખો.
- આજનું દુઃખ એ ગઈકાલના પાપની જાહેરાત છે. તો આજનું પાપ એ આવતી કાલનાં દુઃખનું રીઝર્વેશન છે.
- ગરીબને ધનવાન પાસે શું શું છે. એજ દેખાય છે. જયારે ધનવાનને પોતાની પાસે શું શું નથી તે દેખાય છે. બન્ને દુઃખી છે.

# સંસ્થા સમાચાર

તા. ૧૫-૬-૦૯ ના રોજ કોલેજમાં એફ.વાય.બી.એ. અને બી.એસ.સી.ના વિદ્યાર્થીનિઓના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ સમય દરમ્યાન પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી આદરણીય ડૉ.જયવદન પરીખના અધ્યક્ષ સ્થાને અને પ્રિ. વિમલ જોષી તેમજ અધ્યાપકમિત્રો તેમજ કોલેજના પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના માતા-પિતા અને વાલીઓ મોટા સમૂહમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માઈક્રોબાયોલોજી વિભાગના અધ્યક્ષ પ્રા. શ્રી બી.ડી. જોષી સાહેબે કર્યું હતું.

તા. ૨૬-૬-૦૯ ના રોજ પેટલાદ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હરેશભાઈ શાહ સાહેબના અધ્યક્ષ સ્થાને અને કોલેજના પ્રિ. વિમલ જોષી સાહેબ તેમજ અધ્યાપક મિત્રોની ઉપસ્થિતિમાં આઈ.આઈ.સી. સેલ (ઈન્ડસ્ટ્રીઝ ઈન્ટરફેસ સેલ) ની રચના કરવામાં આવી હતી. આ સેલના કન્વીનર પ્રા. શ્રી વિજયભાઈ પટેલે આ સેલ વિશેની સમજ વિદ્યાર્થીઓને આપી હતી અને સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

તા. ૬-૭-૦૯ ના રોજ કોલેજના એફ.વાય., એસ.વાય.,ટી.વાય.બી.એ./બી.એસ.સી. ના (આઈ.આઈ.સી) સેલના વિદ્યાર્થીઓને પેટલાદ ખાતે આવેલ (પી.બી.એમ.) પોલીટેકનીક., ની રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિઝીટ દરમ્યાન પોલીટેકનિકના મુખ્ય અધિકારી શ્રી સુરેશભાઈ કોટડીયા તથા તેમના સ્ટાફે વિદ્યાર્થીઓને કંપની વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સમય દરમયાન [illegible] પ્રિ. વિમલ જોષી પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. વિજયભાઈ પટેલે કર્યું હતું.

તા. ૨૯-૭-૦૯ ના રોજ કોલેજમાં 'મમતા' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પેટલાદના આંગણવાડીના બહેન શ્રીમતિ ભાવનાબેન શાહે ઉપસ્થિત રહી માતૃત્વ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. બહેનોએ અત્યંત રસ લઈને પ્રશ્નોતરી કરી હતી.

તા. ૫-૮-૦૯ ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વૈશ્વિકરણ અને તેની ભારતીય સમાજ ઉપર અસરો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એફ.વાય., એસ.વાય., ટી.વાય., બી.એ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી પ્રા. પી.એસ.પટેલ સાહેબે સેમીનારને ખુલ્લો મૂક્યો હતો.

તા. ૧૧-૮-૦૯ ના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે યુવા સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન પેટલાદ શાખાના બ્રહ્માકુમારી નેહાબહેનના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. તેઓએ પોતાના પ્રવચનમાં ''યુવા અવસ્થા દરમ્યાન રચનાત્મક અને નૈતિકતાના બીજનું સિંચન થાય તો યુવાધન સમાજ અને દેશ માટે એક સાચો રાહદર બની રહે.'' તેના ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. બી.ડી.જોષી અને પ્રા. કાંતિભાઈ વણકર સાહેબે કર્યું હતું.

તા. ૧૩-૮-૦૯ ના રોજ કોલેજનાં રોજ રેડરિબિન, એન.સી.સી. , એન.એન.એસ.એસ., સી.ડબ્લ્યુ.ડી.સી. અને ફીઝીકલ એજ્યુકેશનના ઉપક્રમે વર્તમાન સમયમાં અસ્તિત્વમાં આવેલા મહારોગ-થેલેસેમિયા અને સ્વાઈન ફ્લ્યુ વિશે લોક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેટલાદ શહેરના ખ્યાતનામ ડૉ. જયેશભાઈ દેસાઈ અને ડૉ. તુષારભાઈ સોની સાહેબે કોલેજના તમામ વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. અને તેના પ્રતિકાર માટે શું કરવું તે અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. અર્પૂવભાઈ પંડ્યાએ કર્યું હતું.

તા. ૧૫-૮-૦૯ ના રોજ પંદરમી ઓગસ્ટના દિને કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત અધ્યક્ષ પ્રા. ઉમેદભાઈ સોલંકી સાહેબના સ્વ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમનું યોજાયો હતો. આ સમય દરમ્યાન ભગીની સંસ્થાના ત્રણે કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપક ગણ, ટ્રસ્ટના સભ્યો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. આ સમય દરમ્યાન ત્રણે કોલેજના એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ પ્રા. શ્રી આર.ટી.જશરાય સાહેબના નેજા હેઠળ સુંદર પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૭-૮-૦૯ ના રોજ કોલેજના સી.ડબ્લ્યુ.ડી.સી. અને સ્વર્ણિમ ગુજરાતના નેજા હેઠળ કેશગુંફન અને મેંદી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેશગુંફન હરીફાઈમાં દલવાડી હેતલબેન-ટી.વાય.બી.એ. પ્રથમ ક્રમે અને મેંદી હરીફાઈમાં પટેલ હેતલબેન (એમ.એ.પાર્ટ-૨) પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રા. પ્રિતીબેન દવે તેમજ માનસશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ઈન્દિરાબેન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમના જસ્ટીશ તરીકે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. આઈ.એ.શેખ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

(પરમાર લક્ષ્મીબેન-એમ.પાર્ટ-૨)

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

**BOOK POST**

**(Printed Matter)**

To ______________________________

______________________________

______________________________

______________________________

**From :-**

**આચાર્યશ્રી**
**શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ**
**સાયન્સ કોલેજ, પેટલાદ.**
**જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬**